(તસવીર : દિપક જાની)

ગાંધીનગરમાં ગાજ્યા મેહ વરસ્યા નહીં

મંગળવારે રાત્રે વિજળીના કડાકા ભડાકા સાથે તૂટી પડેલો વરસાદ મધ્યરાત્રિએ બંધ થઈ ગયો : માત્ર ૨૦ મી.મી. વરસાદ નોંધાયો

ગાંધીનગર, તા.૪

છેલ્લા ઘણા દિવસોથી વરસાદની રાહ જોઈ રહેલા ગાંધીનગરના વસાહતીઓ ગઈ રાત્રિએ પડેલા વરસાદથી ખુશખુશાલ થઈ ગયા છે. જો કે મેઘરાજાનું જે રીતે ધમાકેદાર આગમન થયું હતું તે રીતે વરસાદ જામ્યો નહતો. માત્ર ૨૦ મી.મી. વરસાદ નોંધાયો હતો.

ગઈકાલે આખો દિવસ આકાશ વાદળોથી છવાયેલું રહ્યું હતું. સાંજે ગોરંભાયેલા વાતાવરણથી વરસાદ પડશે જ તેવું લાગતું હતું. વિજળીના કડાકાભડાકા શરૂ થયા બાદ રાત્રે દસ વાગ્યાની આસપાસ જોરદાર પવન ફુંકાવવો શરૂ થયો હતો. પવનની સાથે જ વરસાદ તુટી પડયોહતો. વિજળીના કડાકા ભડાકા સાથે મેઘરાજાએ આગમન કરતા વસાહતીઓ ખુશખુશાલ થઈ ગયા હતા. જોરદાર પવન હોવા છતાં કેટલાક યુવાનો વરસાદમાં મન મુકીને પલળ્યા હતા અને વરસાદનું સ્વાગત કર્યું હતું. પવન એટલો જોરથી ફુંકાતો હતો કે ઘરના બારી-બારણા અથડાવવા લાગ્યા હતા. પવનની સાથે જ ત્રાટકેલો વરસાદ જોઈ એવું લાગતું હતું કે હવે બે ત્રણ દિવસ સુધી સતત વરસાદી વાતાવરણ છવાયેલું રહેશે અને સંતોષકારક વરસાદ પડશે. જો કે વસાહતીઓને બંધાયેલી આશા તુટી ગઈ હતી કેમ કે મોડી રાત્રે વરસાદ સાવ બંધ થઈ ગયો હતો. દિવસે વરસાદ પડશે તેવા અરમાનો પણ પૂર્ણ થયા ન હતા. આજે આખો દિવસ વાદળો આકાશમાં છવાયેલા રહ્યા હતા પરંતુ વરસાદ પડયો ન હતો. ગઈ રાત્રે માત્ર ૨૦ મી.મી. જેટલો વરસાદ શહેરમાં નોંધાયો હતો. આજે આખો દિવસ ભેજનું પ્રમાણ ઉંચુ રહેતા વસાહતીઓ પરસેવે રેબઝેબ થઈ ગયા હતા અને વરસાદ મન મુકીને વરસે તેવી પ્રાર્થના કરતા હતા.

હવામાન વિભાગે આગાહી કરી છે કે અરબી સમુદ્રમાં વરસાદી સિસ્ટમ સક્રિય થઈ ગઈ છે. આગામી ૨૪ કલાક દરમિયાન રાજયના મોટાભાગના વિસ્તારોમાં હળવોથી મધ્યમ વરસાદ વરસશે. સોરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારોમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

અનુસૂચિત જાતિના સભ્ય કે પરિવાર પરના અત્યાચારની સહાયમાં વધારો

કમાનાર સભ્યના મૃત્યુ કે ખૂનના કેસમાં પાંચ લાખનું ચૂકવણું કરવું પડશે,સ્ત્રીના શિલભંગમાં૧.૨૦ લાખ:સરકારે નવા દરો જાહેર કર્યા

(વિશેષ પ્રતિનિધિ)

ગાંધીનગર, તા.૪

ગુજરાતની અનુસૂચિત જાતિ પરના અત્યાચારો સામે અપાતી નાણાકીય સહાયના દરોમાં રાજ્ય સરકારે વધારો કર્યો છે. કુલ ૨૨ કિસ્સામાં આ સહાય મળવાપાત્ર થાય છે જેમાં સૌથી વધુ પાંચ લાખની રકમ પરિવારના કમાઉ સભ્યના ખૂન કે મૃત્યુ તેમજ અશક્તતાના કિસ્સામાં મળવાપાત્ર થાય છે. સ્ત્રીના શિલભંગના કેસમાં ૧.૨૦ લાખની રકમ દર્શાવવામાં આવી છે.

તાજેતરમાં ભારત સરકારે અનુસૂચિત જાતિ અને જનજાતિ પરના અત્યાચારો અટકાવવાના અધિનિયમમાં સહાયના દરો વધારવાનું ઠરાવ્યું છે તેને અનુલક્ષીને રાજ્ય સરકારના સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગે આ દરોમાં વધારો કર્યો છે. આ ખર્ચ ૧લી એપ્રિલ-૨૦૧૨થી કરવાનો રહેશે.

અખાદ્ય અથવા હાનિકારક પદાર્થ ખાવા-પીવામાં, ઈજા,અપમાન અથવા પજવણી અને માનહાનિ કરનારા કૃત્ય બદલ ગુન્હાના પ્રકાર અને ગંભીરતાના આધારે ૬૦,૦૦૦ની ચૂકવણી કરવાની રહેશે. આ રાહત અદાલતમાં તહોમતનામું રજૂ કરવામાં આવે ત્યારે ૨૫ ટકા અને નીચલી અદાલત દ્વારા આરોપી દોષિત થાય ત્યારે ૭૫ ટકા ચૂકવવી પડશે.

ગેરકાયદે જમીનનો ભોગવટો અથવા ખેતીના કિસ્સામાં ૬૦,૦૦૦ કે તેથી વધુ, જમીન, જગ્યા કે પાણી સબંધિત બાબત માટે ભોગ બનેલી વ્યક્તિને ૬૦,૦૦૦ની મર્યાદામાં પ્રથમ માહિતી અહેવાલના તબક્કે ૨૦ટકા અને ગુનો સાબિત થાય ત્યારે ૭૫ ટકા ચૂકવવા પડશે.

મતાધિકાર સબંધિત ફરિયાદ હોય તો પ્રત્યેક વ્યક્તિને ૫૦,૦૦૦, ખોટી દ્વેષપૂર્ણ અથવા પરેશાનીભરી કાનૂની કાર્યવાહી સામે ૬૦,૦૦૦ અને ખરેખર થયેલું નુકશાન ભરપાઈ કરવાનું ઠરાવવામાં આવ્યું છે. એવી જ રીતે આ પ્રકારની રકમ અપમાન, ધાકધમકીના કિસ્સામાં મળવાપાત્ર થાય છે. સ્ત્રીના શિલભંગના કેસમાં ૧,૨૦,૦૦૦ અને પાણી ગંદું કરવાના કેસમાં ૨,૫૦,૦૦૦ ચૂકવણી કરી શકાશે.

રાજ્ય સેવાના કર્મચારી પક્ષે કિન્નાખોરીમાં હાનિ કે ઈજાનું વળતર ચૂકવવાનું રહેશે. અશક્તતાના દરો ૪૦,૦૦૦ થી પાંચ લાખ સુધીના રાખવામાં આવ્યા છે.

પરંપરાગત માર્ગ અધિકારનો ઈન્કાર કરવા બદલ ૨,૫૦,૦૦૦, રહેઠાણો તારાજ કરવા બદલ ૬૦,૦૦૦ સાથે સરકારી ખર્ચે તેનું પુનઃબાંધકામ કરી આપવું પડશે. ખોટા પુરાવા આપવા સામે ૨,૫૦,૦૦૦ અથવા નુકશાન આપવાનું ઠરાવવામાં આવ્યું છે.

ખૂન કે મૃત્યુ તેમજ અશક્તતામાં પરિવારના બિન કમાઉ સભ્યના કેસમાં ઓછામાં ઓછા ૨,૫૦,૦૦૦ પરંતુ કમાઉ સભ્યના કેસમાં ૫,૦૦,૦૦૦ની ચૂકવણી કરવી પડશે.

ખૂન, મૃત્યુ, કત્લેઆમ, બળાત્કાર, સામૂહિક બળાત્કાર, કાયમી અશક્તતા અને લૂંટના ભોગ બનેલા વ્યક્તિને રાહતની રકમ ઉપરાંત માસિક ૩૦૦૦નું પેન્શન, રોજગાર, ખેતીની જમીન, મકાન, બાળકોને શિક્ષણ, અનાજ વિગેરેની વ્યવસ્થા કરવાનું નક્કી કરવામાં આવ્યું છે.

સંપૂર્ણપણે તોડી પાડેલા ઘરના કેસમાં સરકારના ખર્ચેઈંટ કે પથ્થરના ચણતરવાળા મકાનો પૂરા પાડવા પડશે.

(તસવીર : દિપક જાની)

ગાંધીનગરમાં વધતી જતી ગંદકી ચિંતાનો વિષય બની રહી છે... મનપાની દરેક બેઠકોમાં ગંદકીના મામલે શોરબકોર થાય છે... પરંતુ પરિણામ કંઈ જ આવતું નથી. દિન-પ્રતિદિન ગંદકી વધતી જાય છે... હવે જ્યારે વરસાદી મોસમ આરંભાઈ છે ત્યારે પાણી ભરાતાં કચરાનો કોહવાટ થશે અને મચ્છરો વધુ માત્રામાં પેદા થાય છે. રોગચારો પ્રસરશે... આમ સ્વચ્છતાની બાબતમાં તંત્રની ગંભીરતા ન હોવાને કારણે પ્રજાને ભોગવવું પડશે...

આગામી ૪૮ કલાક દરમ્યાન રાજ્યમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી

ગાંધીનગર, તા. ૪

ગુજરાતમાંઆગામી ૪૮ કલાક દરમ્યાન ભારેથી અતિ ભારે વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. આજે દિવસ દરમ્યાન પણ રાજ્યના મોટા ભાગના વિસ્તારોમાં વરસાદ નોંધાવાના અહેવાલો છે. રાજ્યમાં છેલ્લા એક સપ્તાહથી પડી રહેલી કાળઝાળ ગરમી બાદ અરબી સમુદ્રમાં અપરએર સરક્યુલેશન સીસ્ટમ ઉભી થતાં રાજ્યના હવામાનમાં પલટો આવવા પામ્યો છે.

ગત રાત્રીથી રાજ્યના મોટા ભાગના વિસ્તારોમાં તોફાની પવન સાથે વરસાદ થવા પામતા ગરમીથી લોકોએ રાહત અનુભવી હતી. આજે દિવસભર વાદળછાયુ વાતાવરણ રહેવા પામ્યું હતું. દિવસ દરમ્યાન આજે રાજ્યના મોટા ભાગના વિસ્તારોમાં મેઘાની મહેર થવા પામી હતી.

અરબી સમુદ્રમાં ઉભી થયેલી સિસ્ટમના કારણે આગામી ૪૮ કલાક દરમ્યાન રાજ્યમાં ભારેથી અતિ ભારે વરસાદ થવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. રાજ્યના હવામાનમાં આવેલ પલટો અને વરસાદનો પ્રારંભ થતાં રાજ્યમાં ધીરે ધીરે ચોમાસાનોપ્રારંભ થવા પામ્યો છે. આજ રીતે જો મેઘરાજાની મહેર અવીરત ચાલુરહેશેતોરાજ્યમાંપીવાના પાણીનુ સંકટ ટળશેસાથોસાથ સિંચાઈ માટે પણ વાંધો નહીઆવે.

ગાંધીનગરમાં છેલ્લા ૩ દિવસમાં મેલેરિયાના ૧૫ કેસ મળી આવ્યા

બાંધકામ સાઈટોની ચકાસણી માટે તંત્ર આજે કામે લાગ્યું

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર શહેરમાં છેલ્લા ત્રણ દિવસમાં મેલેરિયાના ૧૫ થી પણ વધુ કેસો નોંધાતા હરકતમાં આવેલા મેલેરિયા તંત્રએ આજે શહેરની વિવિધ સ્થાનો પર ચાલી રહેલા બાંધકામોની સાઈટોની ચકાસણી કરી હતી. જો કે ત્યાંથી તંત્રને કશું હાથ નહિ લાગ્યાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર શહેર અને તેની આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં આ વર્ષે મેલેરિયાના કેસોમાં ઉછાળો જોવા મળી રહ્યો છે. તેમાંય ખાસ કરીને બાંધકામની સાઈટો પર રોજગારી માટે આવેલા મજૂરોની સંખ્યા વધુ જણાતાં તંત્ર એ આજે સાઈટોની ચકાસણીની કામગીરી હાથ ધરી હતી.

તંત્ર એ આજે શહેરમાં પાંચ જેટલી જુદી જુદી બાંધકામ સાઈટો પર ચકાસણીની કામગીરી કરી હોવાનું જાણવા મળેલ છે.

સિવીલ હોસ્પિટલના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ છેલ્લા ત્રણ દિવસ દરમિયાન મેલેરિયાના ૧૫ જેટલા કેસ મળી આવ્યા છે. જેમાં આજે નોંધાયેલા પાંચ કેસનો પણ સમાવેશ થાય છે.

આ વખતે મેલેરિયાને નાથવા માટે તંત્ર એ અસરકારક કામગીરી કરવાનો નિર્ણય કર્યો છે. મચ્છરોની ઉત્પત્તિ અટકાવવા લોક જાગૃતિ વધે તે માટે પપેટ શો, શેરી નાટકો જેવા કાર્યક્રમો ઉપરાંત લોકોની સીધી સાદી ભાષામાં સમજ આપતા સેમિનારો, ગ્રૂપ બેઠકોનું પણ આયોજન કર્યું છે.

મેલેરિયા તંત્ર દ્વારા બાંધકામોની સાઈટો પર કામ કરતા મજૂરોના સ્ક્રીનીંગનો પણ નિર્ણય લેવામાં આવ્યો છે. એટલું જ નહિ શહેરમાંથી અલગ અલગ સ્થળોએથી સ્લાઈડો પણ ચકાસણી માટે મેળવવામાં આવી રહી છે.

તંત્ર દ્વારા આ વખતે મેલેરિયાના કેસો થોડા વહેલા શરૂ થયા હોવાથી પહેલેથી જ કામગીરીને અસરકારક બનાવી છે જે ઉલ્લેખનીય છે.

મચ્છરોની ઉત્પત્તિ અટકાવવા લોક જાગૃતિ વધે તે માટે પપેટ શો, શેરી નાટકો જેવા કાર્યક્રમોનું આયોજન

આજે જયા-પાર્વતી વ્રતનું જાગરણ

વરસાદ નહીં હોય તો બાગ-બગીચાઓ કિશોરીઓ-યુવતિઓથી ઉભરાશે

ગાંધીનગર, તા. ૪

વ્રતો-ઉત્સવોની સિઝનમાં સૌથી વધુ લોકપ્રિય જયા પાર્વતીનું વ્રત હવે પૂર્ણતાના આરે છે. આવતીકાલે ગુરૂવારે કિશોરીઓ-યુવતિઓ આ વ્રત પૂર્ણ કરી આખી રાતનું જાગરણ કરશે.

ગૌરીવ્રતથી શરૂ થયેલા વ્રતો-ઉત્સવોનો સીલસીલો લાંબો ચાલશે. નાની બાળકીઓનું ગૌરીવ્રત પૂર્ણ થયુ તે સાથે જ કિશોરીઓ-યુવતિઓનું જયા પાર્વતી વ્રત શરૂ થયુ. મનોવાંચ્છિત પતિ મેળવવા અને સંતાન સુખ માટે કરવામાં આવતુ જયા પાર્વતીનું વ્રત આવતીકાલે પૂર્ણ થશે. સવારે મંદિરોમાં જઈ યુવતિઓ પુજાપાઠ કરશે અને સાંજથી જાગરણમ શરૂ કરશે. જયા પાર્વતી વ્રતનું જાગરણ આખી રાત કરવાનું હોવાથી હરવા-ફરવાના સ્થળો બાગ-બગીચાઓમાં કિશોરી-યુવતીઓ ઉમટી પડશે. જો કે હાલમાં વરસાદી વાતાવરણ છવાયેલું હોવાથી વરસાદ પડશે તો કિશોરીઓ-યુવતીઓને ઘરમાં પુરાઈ રહીને જ જાગરણ કરવું પડશે.

સેક્ટર-૨૩નાં ૮૫૬ આવાસોની જાળવણી ખાનગી એજન્સી કરશે

સેક્ટરની ઈન્ક્વાયરી આઉટ સોર્સિંગથી કાર્યરત કરાઈ

ગાંધીનગર, તા.૪

સે-૨૩ની ઈન્ક્વાયરી કચેરી હવે આઉટ સોર્સિંગથી કાર્યરત કરવામાં આવી છે. સેક્ટરમાં સ્થિત ૮૫૬ સરકારી મકાન ઉપરાંત બિન રહેણાંક મકાનોની જાળવણીનું કામ હવે ખાનગી એજન્સી મારફતે થશે.

શહેરના સેકટરોમાં સ્થિત વિવિધ કેટેગરીના સરકારી આવાસોની જાળવણીનું કામ જેના શિરે છે તેવા સુવિધા કેન્દ્રો સ્ટાફ મને માલ-સામાનના અભાવે શોભાના ગાંઠીયા સમાન બન્યા હોવાનું દયનિય ચિત્ર ઉપસી આવતા સુવિધા કેન્દ્રોને આઉટ સોર્સિંગથી કાર્યરત કરવાનો નિર્ણય લેવાયો છે. જેના અંતે પ્રાયોગિક ધોરણે સે-૨૩ ઈન્ક્વાયરી કચેરીને આઉટ સોર્સિંગથી કાર્યરત કરવામાં આવી છે. તંત્ર દ્વારા આ મામલે અગાઉ ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી હતી. જયારે ગત તા. ૧ જુલાઈથી ઈન્ક્વાયરી કચેરીની કામગીરી ખાનગી એજન્સીને સોંપી દેવામાં આવી છે. રૂ. ૪૭ લાખના ખર્ચે એક વર્ષ માટે ખાનગી એજન્સી સાથે ટેન્ડર મુજબ થયેલ કોન્ટ્રાકટ અન્વયે સેકટરોમાં વસાહતીઓની નાની-મોટી ફરિયાદો દૂર કરવાનું કામ એજન્સી મારફતે થશે. અલબત્ત એજન્સી આ માટે મેનપાવર તેમજ મટીરીયલ સપ્લાય કરશે. કડીયા, સુથાર, પ્લમ્બર, વેલ્ડર, પેઈન્ટર તેમજ સ્વીપર ઉપરાંત ટેકનીકલ સ્ટાફ પણ એજન્સી પાસે ઉપલબ્ધ હોવાથી જાળવણીનું કામ યોગ્ય રીતે થશે તેમ પણ સૂત્રોએ જણાવ્યું છે. હવે સેકટરમાં સ્થિત ૮૫૬ જેટલા સરકારી આવાસો તેમજ બિનરહેણાંક મકાનોની જાળવણી અને મરામતનું કામ એજન્સી દ્વારા કરાશે. જયારે એજન્સીની કામગીરી સંદર્ભે તંત્રના એસ.ઓ. તેમજ વર્ક આસિસ્ટન્ટ પણ સુપરવીઝન કરશે.

આજે મેડીકલ કૉલેજના જોડાણ માટે યુનિવર્સિટીની ટીમ ગાંધીનગર આવશે

ગાંધીનગર, તા.૪

આજે ગાંધીનગર મેડીકલ કૉલેજને જોડાણ આપવા માટે ગુજરાત યુનિવર્સિટીની એક ઉચ્ચસ્તરીય ટીમ તપાસ માટે આવી રહી છે.

ત્રણ સભ્યોની બનેલી આ ટીમ કૉલેજના જોડાણ અંગે કૉલેજ કેમ્પસની મુલાકાત લેશે એટલું જ નહિ સિવિલના પણ કેટલાક વિભાગો તપાસશે.

ગાંધીનગર મેડીકલ કૉલેજને તાજેતરમાં મેડીકલ કાઉન્સીલે મંજૂરી આપી છે. આ પછી જોડાણ મેળવવા માટે કૉલેજે ગુજરાત યુનિવર્સિટીને અરજી કરી હતી. સત્તાવાળાઓએ કરેલી માંગણીને લઈ યુનિવર્સિટીની ટીમ આ તપાસ માટે આવી રહી છે અને જોડાણ મળી ગયા બાદ પ્રવેશ સમિતિ ગાંધીનગર મેડીકલ કૉલેજને પ્રવેશ યાદીમાં સમાવી વિદ્યાર્થીઓ ફાળવશે.

મેડીકલ કૉલેજની ફી નિર્ધારણ કરવા માટે પણ અલગથી અરજી કરવામાં આવી છે. જે અંગેનો નિર્ણય પણ એકાદ સપ્તાહમાં લેવાશે તેમ મનાઈ રહ્યું છે. આમ આગામી સપ્તાહ ગાંધીનગર કૉલેજને કાર્યરત કરવા માટેનું મહત્વનું સપ્તાહ બની રહેશે.

ગાંધીનગર મેડીકલ કૉલેજને ૧૫૦ બેઠકોની મંજૂરી મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડિયાએ આપી છે.

એસ.ટી. વર્કશોપમાં મિકેનીકની ઘટનો પ્રશ્ન ટૂંકમાં હલ થશે

૧૦૫ બસોના મેન્ટેનન્સ માટે હાલ ૩૮ મિકેનીક, ૨૫ મિકેનીકની ઘટ

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર એસ.ટી. ડેપોના વર્કશોપમાં લાંબા સમયથી મિકેનીકની ઘટ છે. ડેપોના વર્કશોપમાં કાર્યરત માત્ર ૩૮ મિકેનીકના આધારે ૧૦૫ બસોનું મેન્ટેનન્સ કરવામાં આવે છે જયારે અન્ય ૨૫ મિકેનીકની ઘટ નિવારવા આગામી દિવસોમાં ભરતી પ્રકીયા હાથ ધરવામાં આવશે.

એસ.ટી.ની ખખડધજ બસોની જાળવણીનું કામ આમ પણ કપરું છે ત્યારે અપૂરતા મિકેનીકના લીધે ડેપો તંત્ર માટે આ કામગીરી વધુ કઠીન બની છે. ગાંધીનગર એસ.ટી. ડેપોમાંથી સંચાલન થતી ૧૦૫ જેટલી બસોની સર્વિસ અને જાળવણીનું કામ કરવા ડેપો કક્ષાએ હાલ વર્કશોપમાં ૩૮ જેલા મિકેનીક છે. જયારે ૨૫ મિકેનીકની ઘટ છે. ડેપોના વર્કશોપમાં મિકેનીકની ઘટ નિવારવા અગાઉ પણ ડિવીઝન કક્ષાએ રજૂઆત કરવામાં આવી હતી. અંતરંગ સૂત્રોના જણાવ્યા અનુસાર આગામી દિવસોમાં સમગ્ર રાજયમાં વિવિધ ડેપો કક્ષાએ ડ્રાઈવર કન્કટર તેમજ મિકેનીકની ભરતી કરવામાં આવનાર છે. ઓનલાઈન ટેસ્ટના આધારે હાથ ધરાનારી આ ભરતી પ્રકિયાના અંતે ગાંધીનગર ડેપોમાં પણ મિકેનીકની ઘટ નિવારવા પગલાં લેવાશે. એસ.ટી. ડેપોમાં હાલની સ્થિતિએ મિકેનીક ઉપરાંત ૭ ડ્રાઈવર તેમજ ૩૦ કન્ડકટરની પણ ઘટ હોવાનું માલુમ પડયું છે. ભરતી બાદ ડેપોને નવા ડ્રાઈવર-કન્ડકટરની ફાળવણી કરવામાં આવે તેવી પણ સંભાવના છે.

બિનસુરક્ષિત સિરિન્જનો વપરાશ અટકાવવા ઝૂંબેશ

અમદાવાદ, તા.૪

ગુજરાત યુનિવર્સિટીના રાષ્ટ્રીય સેવા યોજના (એનએસએસ) વિભાગ દ્વારા યોજાયેલા સેમીનારમાં કેટલાક ચોંકાવનારા આંકડા જાહેર થયા બાદ આ દિશામાં જાગૃતિ માટે અભિયાન હાથ ધરવા નિર્ણય કરાયો છે.

એનએસએસમાં ગુજ. યુનિવર્સિટીમાં ૧૧૦ યુનિટમાં ૧૦ હજાર જેટલા વિદ્યાર્થી સંકળાયેલા છે.

આજરોજ યોજાયેલા સેમીનારમાં જાહેર થયેલા આંકડા મુજબ ભારતમાં વર્ષ દરમિયાન ઉપયોગ થતી ૧૬ અબજ સિરીંજમાંથી ૫૦ ટકા સિરીંજ અસુરક્ષિત છે. આ અસુરક્ષિત ઈન્જેક્શનના ઉપયોગને કારણે એઈડ્સ અને હેપિટાઈસ બી અને સી જેવા અત્યંત જીવલેણ રોગોનો ફેલાવો થાય છે. આ ફેલાવો અટકાવવા પબ્લીક, તબીબો અને દર્દીઓ માટે જાગૃતિ અભિયાન હાથ ધરાશે.

નોટીસ

સાંચા કામ સબબે તારીખ ૭-૭-૧૨, શનિવારના રોજ સવારના ૧૦-૦૦ કલાકથી સાંજના ૫-૦૦ કલાક સુધી નીચે જણાવેલ વિસ્તારનો વીજ પુરવઠો બંધ રહેશે જેની માનવંતા ગ્રાહકોએ નોંધ લેવા વિનંતી તકલીફ બદલ ક્ષમા કરશો.

૧. રાજભવન HT
૨. સેક્ટર-૩૦-C s/s

સહી/-
ટોરેન્ટ પાવર લિમીટેડ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com